અમદાવાદના મહે.એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં. ૧૬,અમદાવાદ

ફો.કે.નં.:૫૧/૧૦
આંક–૧૦

ફરીયાદી : શ્રી સરકાર

:: વિરુધ્ધ ::

આરોપી : (૧) રતનભાઈ મુરલીધર ધોલતાણી
(૨) લાલુભાઈ અરજણભાઈ નોતાણી

ગુન્હો : જુગારધારાની કલમ ૪,૫ મુજબ

**જજમેન્ટ**

(૧) આ કામે આરોપીઓ ઉપર જુગાર ધારાની કલમ ૪, ૫ મુજબ જુગાર ધામ ચલાવવા અને જુગાર ધામમાં હારજીતનો પૈસાથી જુગાર રમવાનો આરોપ મુકવામાં આવેલો છે. આ કામ ઘણુ જુનુ કામ છે અને ઘણા લાબા સમયથી આરોપીઓની હાજરી માટે પેન્ડીગ રહેલ છે. આ કામે ઘણાબધા આરોપીઓ સામે જુગાર રમવાનો આરોપ મુકી ચાર્જસીટ દાખલ કરવામા આવેલ છે પરંતુ આ કામે આજરોજ હાજર આરોપી નંબર ૧,૨,૩,૪ નાંઓ હાજર રહી કેસની કાર્યવાહી આગળ ચલાવવા સહકાર આપે છે. જયારે અન્ય આરોપીઓને અવારનવાર પ્રોસેસ ઈસ્યુ કરવા છતા આવા આરોપીઓ મળી આવતા નથી.અને તેમને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી તેના કારણો હાલના આરોપીઓને ધકકા ખાવા પડે છે. અને તેમના સ્પીડી ટ્રાયલના હકક અધિકારનુ પાલન થઈ શકતુ નથી. હાલના આરોપીઓ નામ.કોર્ટ સમક્ષ વિનંતી કરી જણાવે છે કે તેઓ ઘણા વયોવૃધ્ધ છે શારીરીક રીતે અશકત છે. તેમ છતા ઘણા વર્ષોથી નામ.કોર્ટમા કેસની કાર્યવાહી આગળ ચાલે તે માટે હાજર રહે છે. અને તેમની પર દયા કરી હવે પછી આ પ્રકારનો ગુનો કરશે નહી તેવી નામ.કોર્ટને ખાત્રી આપે છે. તે જ રીતે આ ગુનાના કામે રજુ થયેલ મુદ્દામાલ તેમની માલિકીનો નથી તેમને જોઈતો નથી તેવુ જાહેર કરી દયા કરવા અરજ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપવામા આવેલી છે અને અન્ય આરોપીઓ મળી આવતા ન હોઈ જુગાર રમતા આરોપીઓ જુગાર ધામમાં એકવાર હાજર રહેલા ત્યારબાદ તેઓએ તેમનુ રહેઠાણ બદલી નાખી ફરીયાદપક્ષને મળી આવતા ન હોઈ હાલનાં આરોપીઓ વયોવૃધ્ધ હોઈ તેમને ધકકા ખાવા પડતા હોઈ જુના કેસની હકીકત અને આ કેસની ટ્રાયલ આગળ ચાલી શકતી ન હોઈ આરોપીઓની ગુના કબુલાત સ્વેચ્છીક હોવાની ખાત્રી કરી

ગંભીર પ્રકારનો ગુનો છે તેમ છતા હળવી રકમનો દંડ અને સજા કરવી આ અદાલત ન્યાયોચીત માને છે.

(૩) આ કામે આરોપીઓ પોતાની સામેનાં આક્ષેપોનો સ્વીકાર કરી ગુનાની કબુલાત કરતા હોઈ તેમને તકસીરવાન ઠરાવ્યા સીવાય આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ નથી આ કામના આરોપીઓની રજુઆત આર્થીક સામાજીક કૌટુમ્બીક તેમજ વયોવૃધ્ધ ઉમર તેમજ ઘણુજુનુ કામ હોઈ વગેરે નજર સમક્ષ રાખતા નામ. ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદા નટવર હરખચંદજી ઠાકોર વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૦૫(૧) જી.એલ.પી. ૭૦૯ મા ઠરાવેલ સિધ્ધાતને નજર સમક્ષ રાખતા કાયદામા ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ અને વિશેષ પ્રકારના કિસ્સાઓમા અદાલત કરી શકે છે. તેવુ ઉપરોકત ચુકાદામા ઠરાવેલ હોઈ હાલના કેસના ખાસ અને વિશેષ સંજોગો ધ્યાને લેતા હળવી સજા તેમજ દંડ કરવો ન્યાયોચીત માનવામા આવતો હોઈ નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**<u>હુકમ</u>**

આરોપી નં.૧,૨,૩,૪ ને

આરોપી નં.(૧) રતનભાઈ મુરલીધર ધોલતાણી, (૨)લાલુભાઈ અરજણભાઈ નોતાણી ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ તળે જુગાર ધારાની કલમ ૪,૫ ના ગુનામા તકસીરવાન ઠરાવી દરેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની કેદની સજા તથા દરેક આરોપીને રૂા.૧ ૦૦૦/-અંકે રૂપીયા (અંકે એક હજાર પુરા) પુરા દંડ કરવામા આવે છે તેમ કુલ દંડ રૂપીયા ૪૦૦૦/-(અંકે રૂપીયા ચાર હજાર પુરા, પુરા કરવામા આવે છે. અને આરોપી જો દંડ ભરવામા નિષ્ફળ જાય તો દિન-૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

આ કામે મુદ્દામાલ અંગે આ તબકકે કીમતી મુદ્દામાલ શ્રી સરકાર ખાતે ખાલસા/દાખલ કરવો. જયારે વચગાળાનો કોઈ હુકમ થયેલ હોય તો કાયમી કરવામાં આવે છે. જયારે બીનકીમતી મુદ્દામાલ નાશ કરવો.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.
મુકામ:અમદાવાદ

તા.૦૯/૩/૧૯

( ડી.એસ.ડાભી )
એડીશ્નલ ચીફ મેટ્રો. મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૧૬, અમદાવાદ